# અય (મકાન) માલિક તેરે બંદે હમ

## પાર્ટ-2


છેવટે મિત્રે મારી વાત સ્વીકારી. તેણે જાણ્યું કે વૈરાગીબેનમાં નામ એવા ગુણ છે અને તેમને જોઈને રૂવાંડે રૂવાડે વૈરાગ પ્રગટે એવો તેમનો દેખાવ છે. તેમને ભજન ગાવાનો જબરો શોખ છે. એટલે ધોમધખતા ઉનાળામાં તે વૈરાગીબેનને ઘેર ગયો ત્યારે એક ભજનની જૂની ચોપડી અને નવું (તાજું)તરબૂચ લઈને ગયો. તો વૈરાગીબેને ચહેરા પર વૈરાગના ભાવ અકબંધ રાખી તરબૂચ ફ્રિજમાં મૂકી દીધું અને ભજનની ચોપડી જોઈને બોલ્યા, આવી તો એકવીસ ચોપડીઓ મારી પાસે પડી છે.

આમ પહેલી મુલાકાતમાં આછો પાતળો ય સંબંધોનો સેતુ રચાયો નહીં. મિત્રને થયું કે સાલો સંબંધોનો સેતુ રચવામાં કેતુ નડતો હશે કે શું! આની સાથે સંબંધો બાંધવા એ તો ભગવાન શ્રીરામે સમુદ્ર પર સેતુ બાંધ્યો તેના કરતાં પણ અઘરું કાર્ય છે. સાલું, નિવૃત્ત થઈ ગયા તોય આ જિંદગી હોમવર્ક તો અઘરૂ જ સોંપે છે. આથી મિત્ર તવાઈ ગયેલા પપૈયા જેવું મોઢું લઈને ધોયેલા મૂળા જેવો પાછો આવ્યો. મને બધી કથા સંભળાવી અને લમણે હાથ દઈને મારી સામે બેસી ગયો. મેં મિત્રને ‘કરતા જાળ કરોળિયો’ અને ‘કોશિષ કરનેવાલે કી હાર નહીં હોતી’ કવિતાઓ સંભળાવી રીસ્ટાર્ટ કર્યો. મેં વિશેષ સલાહ આપી કે ભાડે રહેવું હશે તો તારે ઘણું ઘણું શીખવું પડશે, ન ગમે તે ગમાડવુ પડશે, ન રમે તેને રમાંડવું પડશે. વિશેષમાં એવી સલાહ આપી કે વૈરાગીબેનને ભજન ગમે છે. તો ફક્ત ભજનની ચોપડીઓ દીધે આરો નહીં આવે. તું ભજન ગાવાનું શીખી લે. તેમાં તારે એક પંથ દો કાજ થશે. તું નિવૃત છો તો કદાચ રોજગારીની નવી તક પણ સર્જાય. હવે તારો તકને ઝડપવાનો નહીં પણ તકનું સર્જન કરવાનો સમય છે.

વૈરાગીબેન સાથેની પહેલી મુલાકાત પછી મિત્રે મને કહ્યું સાલી સાવ કહૂતર્ય છે મોઢું જોઈએ તો દાડો બગડી જાય એવી છે. મેં તેને કહ્યું, તું અથરો થામાં, અઠવાડિયામાં બે ત્રણ વાર એમને ઘેર જતો આવતો રહે, એટલે ધીરે ધીરે ગમવા માંડશે! મેં તેને સમજાવ્યો કે બહુ જૂના જમાનામાં વરકન્યાએ એકબીજાને જોયા પણ ન હોય અને લગ્ન થઈ જતા. લગ્નમાં પણ વહુ તો ઘૂમટો તાણીને જ બેસતી. પરણ્યા પછી પ્રથમ મુલાકાતમાં બંને એકબીજાને જુએ ત્યારે બેઉના હૈયામાંથી ઊંડો હાયકારો નીકળી જાય. પતિને થતું કે ‘ખલ્લાસ, આપણું તો પતી ગ્યું!’ તો સામે પત્નીને થતું કે ‘ખલ્લાસ, આપણા નાગલા ઊડી ગ્યા!’ પણ તે જમાનામાં ગમે કે ન ગમે, કશું થઈ શકતું નહીં. એટલે મનને મારીકુટીને બંને સાથે રહેવા માંડતા. પછી બે ત્રણ મહિના જાય ત્યાં એકબીજાને ગમવા માંડતા. એટલે આમાં પણ એવું જ હોય. તું ધીરજપૂર્વક પરિશ્રમ કર. તને તો ખબર છે કે ધીરજના ફળ મીઠા છે અને એમાંય જો ધીરજના છોડ સાથે પરિશ્રમની કલમ કરવામાં આવે તો તો ધીરજના ફળ એવા મીઠા પાકે કે તાલાળાની અસલ કેસર કેરી પણ એકબાજુ રહી જાય. માટે તું ધીરજના છોડ સાથે પરિશ્રમની કલમ કર અને ધીરજના વૃક્ષના લાકડામાંથી તું ચલમ કર અને એ ચલમમાં બીડી નો જરદો નાખીને પી, પછી જો કોટો આવે તે! તને કદી ન આવ્યા હોય એવા નવા નવા આઈડિયા આવશે.

મિત્રે મારી સલાહ માનીને બે ચાર ભજન કંઠસ્થ કર્યા પછી તેને ગાઈને તૈયાર કરવાનું કહ્યું. વિશેષમાં કહ્યું કે એ ભજન તું વૈરાગીબહેનની સામે ગરીબ ગાયની જેમ બેસીને ગાઈ સંભળાવજે. તો તારા હૃદયમાંથી નીકળેલો સૂર તેના હૃદય સુધી પહોંચશે અને તેના વિચારોમાં પરિવર્તનની પ્રક્રિયા શરૂ થશે. જે સરવાળે શુભ ફળ આપશે.”

મિત્રે રિયાઝ શરૂ કર્યો. ભજન ગાવાનું શરૂ કર્યું. પણ તેનો અવાજ હૃદયમાંથી નહીં પણ નાકમાંથી



નીકળતો હતો. મેં કીધું, “તું ચાલુ રાખ, નાકથી હૃદય ક્યાં છેટુ છે! અઠવાડિયામાં તું હૃદયે પહોંચી જઈશ.(તારા, વૈરાગીબહેનના નહીં.) અને પછીના અઠવાડિયામાં તું હૃદયથી આગળ વધીને નાભિ સુધી પહોંચી જઈશ. તને જ્યારે એવું લાગવા માંડે કે તારો સૂર હવે નાભિમાંથી નીકળવા માંડ્યો છે. એટલે ભજન સંભળાવવા ઉપાડજે. જો તું મંડ્યો રહીશ તો તારો કંતાની સ્વર હોવા છતાં તું ભવિષ્યમાં વોઈસ ઓફ રેશમિયા બની શકીશ. અને નાભિમાંથી નીકળતો એ સૂર અપરણિત માસીના આત્માને સ્પર્શી જશે.

**મેં તેને કહ્યું, તું અથરો થામાં, અઠવાડિયામાં બે ત્રણ વાર એમને ઘેર જતો આવતો રહે, એટલે ધીરે ધીરે ગમવા માંડશે!**

પછી મિત્રે ગાવાની પ્રેક્ટિસ શરૂ કરી. તો તેનો નાભિમાંથી નીકળતો સૂર જેમ રેલવે સ્ટેશનનો ફેરિયો રાતના બાર વાગ્યાની છેલ્લી ટ્રેનના ડબ્બે થાકેલા, ભરડાયેલા અવાજે વિલંબિત લયમાં શીંગચણાની બૂમો પાડતો હોય એવો લાગ્યો. મેં કહ્યું કે તું શીંગચણાવાળાની શૈલી છોડ અને અમારી સોસાયટીમાં જે બાઈ ભંગાર લેવા આવે છે અને જે બુલંદ સ્વરે બૂમ પાડે છે એવો હાઈ પીચનો સૂર લગાવ. એવું હોય તો તું રૂબરૂ આવી જા તો વધારે સારું. તને ખ્યાલ આવે. જો તું એ ભંગારવાળીનો સૂર પકડી લઈશ તો ભલે કદાચ વૈરાગીબેનને ન મનાવી શકે. પણ ભંગારનો ધંધો શીખી જઈશ. આ રીતે એક નવી દિશા ખુલશે. (અને દશા સુધરશે.) એટલે જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે ‘કરેલું ફોગટ જતું નથી.’ પણ ભંગારવાળીનો સૂર શીખવા રૂબરૂ આવ તો એક શરત કે તારે ફક્ત તેના સૂર પર જ ધ્યાન દેવાનું રહેશે. મારી સલાહ મુજબ તે વૈરાગીબેનના ઘેર ગયો અને બે ત્રણ ભજન સંભળાવ્યા. ભજન સાંભળીને સામાન્ય રીતે સાંભળનારનો માંહ્યલો(આત્મા) શાંત થઈ જાય પણ અહીં મિત્રના ભજન સાંભળીને

### ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

વૈરાગીબેનનો માંહ્યલો ઉશ્કેરાયો. તેણે ઈંટનો જવાબ પથ્થરથી આપતા સામે પાંચ ભજનો સંભળાવ્યા. તેના પાંચ ભજનો માણસની પંચેન્દ્રિય હેન્ગ થઈ જાય એવા હતા. પણ મકાનમાલિક હોવાથી તેના વખાણ તો કરવા જ પડે. મિત્રે તેમના ભજનના બે મોઢે વખાણ કર્યા. તેથી વૈરાગીબેનના ચહેરા પર પ્રસન્નતા પ્રગટી. મિત્રે કહ્યું, “મને તમારો કંઠ બહુ ગમ્યો. તમારા ભજન સાંભળીને હું ભાન ભૂલી ગયો! (છેલ્લું વાક્ય તેણે એકદમ સાચું કહ્યું હતું.) વળી વૈરાગીબેન તો શરૂઆતથી જ ભાન ભૂલી ગયા હતા. નહી તો પાંચ પાંચ ભજન થોડા ગાય!

પછી વૈરાગીબેને મિત્રને કડક મીઠી ચા પીવડાવી. ચા પીધા પછી બેસવાનું કહ્યું. વૈરાગીબેનને થયું કે આવી સરસ કડક મીઠી ચા પીવડાવ્યા છતાય આનું ડાચું બગડેલું કેમ છે! કારણ એ હતું કે મિત્રને ચા ઉપર તરત જ બીડી જોઈએ અને વૈરાગીબેનને બીડી ઉપર એટલી નફરત કે પોતે અપરિણીત હોવા છતાં બીડી પોતાની શોક્ય(સૌતન) જેવી લાગતી. બીડી પીવાથી પીનારને અને બીજાને કેટલું નુકશાન થાય છે તે બાબતે દુનિયાના મહાનતમ વૈજ્ઞાનિકો કરતા પણ વૈરાગીબેન ઘણું વધારે જાણતા હતા. તેઓ હંમેશાં ‘બીડીમૂક્ત સમાજ’ માટે મથામણ (માથાકૂટ) કરતા રહેતા. બીડી બાબતે તેઓ જેમ જેમ માથાકૂટ કરતા તેમ તેમ તેમને કોટો ચડતો. (બીડીના નામમાત્રથી આટલો કોટો ચડે તો પીનારને કેવો કોટો ચડતો હશે!) વૈરાગીબેને બીડી બાબતે અગાઉ મિત્રને કહ્યું હતું કે મારી સગાઈ થયેલી પણ મારો થનાર વર બીડી પીતો હતો. એટલે મેં તેને કાઢી મુક્યો અને સગાઈ ફોક કરી. બીડીવાળાને જોઈને મને એમ થાય કે આને તો બંદૂકે દેવા જોઈએ. મારું ચાલે તો હું બીડીવાળાને મારી શેરીમાંથીય ન નીકળવા દઉં! આમ બીડીવાળા સાથે તેમને બારમો ચંદ્ર હતો એટલે મિત્રનો આત્મા અત્યારે બીડી વિના બળી રહ્યો હોવા છતાં બીડી પીધી નહીં, પણ બને એટલી વહેલી તકે બીડી પીવા માટે બેનને કંઈક આલા બાલા આપીને ત્યાંથી વિદાય લીધી અને વૈરાગીબેનના કવરેજ ક્ષેત્રમાંથી મુક્ત થયા પછી મિત્રે તરત જ બીડી પ્રગટાવી અને ઉપરા છાપરી ત્રણ બીડી પી ને દાઝ કાઢી. ( ખિસ્સામાં કુલ ત્રણ જ હતી.)

પછી તો એક દિવસ વૈરાગીબેન દૂધવાળા ની જેમ વહેલી સવારે મિત્રના ઘેર આવ્યા અને દરવાજો ખટખટાવી સૌને ઉઠાડ્યાં. પેલી ઉક્તિ છે કે ‘ભૂખ્યા ભજન ન થાય’ અને અહીં મિત્રના આખા ઘરે નરણાકોઠે બેસવું પડ્યું. મિત્રે તો નરણાકોઠે ભજન ગાયા પણ ખરા. નરણા કોઠે ભજન ગાવામાં ભજન ભલે શૃંગારરસથી ભરેલું હોય પણ સરવાળે તેમાં સ્મશાનરસ જ પ્રગટે. પડોશીઓના મનમાં પ્રશ્નો જાગ્યા કે અત્યારમાં આખું ઘર કેમ ભજન ગાય છે!? કોઈ ગયું કે શું! પછી વૈરાગીબહેન અઠવાડિયા સુધી વહેલી સવારે બે ત્રણ વાર આવવા લાગ્યા. આમ બકરું કાઢયા વિના ઊંટ પેસી ગયુ. અને ભજન ગાવા લાગ્યા. તે શેરીમાં ક્રમશઃ ભજનપ્રભાવ વધવા લાગ્યો. તેમના ભજનના કારણે પડોશીઓ ચૂપચાપ સ્ટ્રેટેજી ગોઠવવા લાગ્યા કે આ નવા ભાડૂતને વહેલી તકે ખાલી કરાવીએ. નહીં તો આપણે ખાલી કરવું પડશે. ત્યાં તો બે-ચાર દિવસ પછી મિત્રના મમ્મી પપ્પા મિત્રને ત્યાં આવ્યા. તેઓ પંદર દિવસ રોકાવાના હતા. વૈરાગીબેનને ખબર પડી તો તેમણે કહ્યું કે વડીલોને તો ભજનો બહુ ગમે. માટે હું દરરોજ સવારે ભજન સંભળાવવા આવીશ. આમ તે સવારે સાત વાગ્યે અને બપોર પછી પાંચ વાગ્યે એમ બે વાર મમ્મી પપ્પાને ભજન સંભળાવવા આવવા લાગ્યા. મિત્રના આખા પરિવારને આ રીતે બેવડો માર પડ્યો. (સોરી ‘બેવડો’ નહીં બમણો!) મિત્રને થયું કે આ સંબંધ ધાર્યો તો તેના કરતાં ઘણો વધુ ગાઢ થઈ ગયો. હવે તેને થોડો આછો પાતળો કરવો હોય તો કોઈ ઉપાય નહોતો. મિત્રના મમ્મી પપ્પા ત્રીજે દિવસે તો પાછા ગામ ભેગા થઈ ગયા. વૈરાગીબેને ત્યાર પછી પણ મિત્રને એકલાને ભજન સંભળાવ્યા. પછી અચાનક વૈરાગીબેનના બહેનને હોસ્પિટલમાં એડમીટ કર્યા હોવાથી તેમણે ત્યાં જવાનું થયું અને પંદર દિવસ રોકાવાનું થયું. એટલે પંદર દિવસ પછી ફરીથી વૈરાગીબેન મિત્રને ઘેર ભજન ગાવા આવ્યા. પણ પરિસ્થિતિ જોઈને તેમને જબરો આઘાત લાગ્યો. ઘર ખાલી પડ્યું હતું. ઘરમાં મગનો સાથિયો પૂરેલો હતો, તેમાં વચ્ચે નાની કાચી સોપારી મૂકી હતી અને સોપારીની નીચે ચબરખી હતી. ચબરખી લખ્યું હતું કે અમે સપરિવાર તમારું ઘર છોડીને જઈએ છીએ. અહીં અમે દોઢ મહિનો રહ્યા પણ બે મહિનાનું ભાડું બાજુવાળાને આપ્યું છે. ત્યાંથી લઈ લેજો મહેરબાની કરીને અમારી શોધ કરશો નહીં, કરશો તો અમે મળશું નહીં. તેમ છતાં જો મળી જઈએ! તો ફરીથી તમારું મકાન ભાડે રાખવા આગ્રહ કરશો નહીં. જય ગિરનારી. આ રીતે એક મકાન મથામણનો કરુણ છતાં સુખદ અંત આવ્યો.(સમાપ્ત)

### ગરમાગરમ

વર્ષોથી એક વાત સમજાતી નથી કે આ હોરર મૂવીવાળા દરવાજાના મિજાગરામા તેલ કેમ નહીં પૂરાવતા(ઊંજતા) હોય!

કેટલાક શબ્દોના અર્થ મારી સમજણ મુજબ
કહૂતર્ય= કહ્યું ન કરે એવું, અળવીતરૂ
અથરો થા મા= ઉતાવળો થા મા.
આરો નહીં આવે= પાર નહીં આવે